તારીખ : 12/06/2026

# સાવરકુંડલા વિકાસયાત્રામાં વધુ એક મહત્વપૂર્ણ પગલું










## 45 વર્ષો જૂનો પ્રાણ પ્રશ્ન ઉકેલાયો

સાવરકુંડલા શહેરના વોર્ડ નં.3 હેઠળ આવેલા પીપરવાડી વિસ્તારનો 45 વર્ષો જૂનો ગટરની સમસ્યાનો પ્રશ્ન ઉકેલવા માટે આજે વિકાસકાર્યના શુભ પ્રારંભ રૂપે ગટર લાઈનના કામનું સાવરકુંડલા-લીલિયા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા, હસ્તે ખાતમુહૂર્ત કરવામા આવ્યુઆ ગટર લાઈનનું કાર્ય પૂર્ણ થતાં પીપરવાડી વિસ્તારના રહેવાસીઓને લાંબા સમયથી સતાવતી ગટર અને ગંદા પાણીની સમસ્યામાંથી રાહત મળશે તેમજ વિસ્તારની સ્વચ્છતા અને આરોગ્ય સંબંધિત સુવિધાઓમાં નોંધપાત્ર સુધારો થશે. ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે જનસુવિધાઓને પ્રાથમિકતા આપીને શહેરના વિકાસ માટે સતત કામગીરી કરવામાં આવી રહી છે અને નાગરિકોની સમસ્યાઓના ઝડપી નિરાકરણ માટે પ્રતિબદ્ધતા સાથે કાર્ય ચાલુ રહેશે.આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ શ્રીમતી નયનાબેન કાપડિયા, ઉપપ્રમુખ શ્રીમતી નુતનબેન, શ્રી જીગ્નેશભાઈ ટાક તેમજ શહેર ભાજપ સંગઠનના હોદ્દેદારશ્રીઓ, નગરપાલિકાના હોદ્દેદારશ્રીઓ અને સભ્યશ્રીઓ, ભાજપના કાર્યકર્તાઓ, વોર્ડ નં. 3ના જાગૃત નાગરિકો તથા મોટી સંખ્યામાં વિસ્તારના રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વોર્ડ-3 ની પીપરવાડીના ગટર પ્રશ્નના સાવર કુંડલાના જાગૃત ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાએ હસ્તે ખાતમુહૂર્ત કર્યુ

કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

# અમરેલીને વંદે ભારત ટ્રેનની ભેટ અપાવવા પ્રજાનો અવાજ બની ધારદાર રજૂઆત કરતા સાંસદશ્રી ભરત સુતરિયા

અમરેલી : રાજકોટ ખાતે પશ્ચિમ રેલ્વે દ્વારા યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં અમરેલી લોકસભાના સાંસદશ્રી ભરત સુતરિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન તેમણે અમરેલી જિલ્લાના રેલ્વે વિકાસને લગતા વિવિધ પ્રશ્નો અને જનહિતના મુદ્દાઓ અંગે અસરકારક અને ધારદાર રજૂઆતો કરી હતી.બેઠકમાં સાંસદશ્રી ભરત સુતરિયાએ ખાસ કરીને અમરેલીને વંદે ભારત ટ્રેનની ભેટ મળે તે મુદ્દે ભારપૂર્વક રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે અમરેલી સહિત સમગ્ર પંથકના મુસાફરોને ઝડપી, આધુનિક અને વિશ્વસ્તરીય રેલ્વે સુવિધાનો લાભ મળે તે માટે અમરેલીને વંદે ભારત ટ્રેન સાથે જોડવું અત્યંત જરૂરી છે. તેમણે જૂનાગઢ, જેતલસર, વડિયા, ચિતલ, ખીજડિયા, લાઠી અને ઢસા થઈ અમદાવાદ સુધી વંદે ભારત ટ્રેન દોડાવવામાં આવે તેવી ભારપૂર્વક માંગણી રેલ્વે તંત્ર સમક્ષ કરી હતી. આ ટ્રેન શરૂ થવાથી અમરેલી અને આસપાસના વિસ્તારોના મુસાફરોને ઝડપી મુસાફરીની સુવિધા મળશે તેમજ વેપાર, ઉદ્યોગ, શિક્ષણ અને પ્રવાસન ક્ષેત્રને નવી ગતિ મળશે તેવો મુદ્દો પણ તેમણે ભારપૂર્વક રજૂ કર્યો હતો.આ ઉપરાંત તેમણે અમરેલી– ધારી– વિસાવદર– જૂનાગઢ તેમજ વિસાવદર–સોમનાથ મીટરગેજ રેલ્વે લાઇનને બ્રોડગેજમાં પરિવર્તિત કરવા માટે પણ ભારપૂર્વક રજૂઆત કરી હતી.રેલ્વે લાઈનોની આસપાસ જમીન ધરાવતા ખેડૂતોને પડતી વિવિધ અગવડતાઓ અને વર્ષોથી પડતર રહેલા પ્રશ્નો અંગે પણ સાંસદશ્રીએ રેલ્વે તંત્રનું ધ્યાન દોર્યું હતું. ખેડૂતોના પ્રશ્નોનો ત્વરિત અને યોગ્ય નિકાલ લાવવા માટે તેમણે ભારપૂર્વક રજૂઆત કરી હતી.અમરેલીમાં હાલમાં ચાલી રહેલા વિવિધ રેલ્વે પ્રોજેક્ટ્સ ઝડપથી અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ થાય તે માટે પણ તેમણે તાકીદ કરી હતી. ટ્રાફિકની સમસ્યા હળવી થાય અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત બને તે માટે નવા અંડરબ્રિજોના નિર્માણની માંગ કરવામાં આવી હતી. ખાસ કરીને અમરેલી-કેરિયા રોડ અંડરબ્રિજના નિર્માણને પ્રાથમિકતા આપી તેના કામમાં ઝડપ લાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.સાંસદશ્રીએ પોતાના લોકસભા મતવિસ્તારના તમામ લોકોને વધુ સારી રેલ્વે સુવિધાઓ મળી રહે તે હેતુથી સાવરકુંડલા, લીલીયા અને રાજુલા પંથકના રેલ્વે ને લગતા સ્થાનિક પ્રશ્નો પણ બેઠકમાં ઉઠાવ્યા હતા અને તેના ઝડપી નિરાકરણ માટે માંગણી કરી હતી.સૌરાષ્ટ્રના મહત્વના તીર્થધામ અને રેલ્વે મથક એવા વેરાવળથી નવી ટ્રેનો શરૂ કરવામાં આવે તેવી માંગણી પણ બેઠકમાં ઉચ્ચારવામાં આવી હતી, જેથી મુસાફરોને વધુ સુવિધા અને બહોળો લાભ મળી શકે.આ બેઠક દરમિયાન સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયાએ સ્પષ્ટ કર્યું હતું કે અમરેલી જિલ્લાનો રેલ્વે કનેક્ટિવિટીના માધ્યમથી સર્વાંગી વિકાસ થાય તે તેમની પ્રાથમિકતા છે. તેમની વિવિધ રજૂઆતો અને માંગણીઓ અંગે રેલ્વે તંત્ર દ્વારા સકારાત્મક પ્રતિભાવ આપવામાં આવ્યો.







તારીખ : 12/06/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

♥ રક્તદાન મહાદાન ♥



# વિશ્વ રક્તદાતા દિવસ 2026

દરેક રક્તદાન – કોઈના જીવનની નવી આશા

ના ઉપલક્ષ્યમાં

# રક્તદાન કેમ્પ




આવો, સ્વસ્થ હોઈએ તો રક્તદાન કરીએ અને કોઈનો જીવ બચાવીએ.

| :: તારીખ :: | :: સમય :: | :: સરનામું :: |
| --- | --- | --- |
| ૧૩/૦૬/૨૦૨૬ શનિવાર | સવારે ૯:૦૦ થી ૧:૦૦ | બ્લડ બેંક ઓ.પી.ડી.વિભાગ, પહેલો માળ, કે.કે.મહેતા સરકારી હોસ્પિટલ, સાવરકુંડલા |

રક્તદાતાને પ્રમાણપત્ર અને આકર્ષણ ગિફ્ટ આપવામાં આવશે.

સંપર્ક સુત્ર: 94298 94269

સાવરકુંડલાનું લોહી, સાવરકુંડલાના જરૂરીયાતમંદ દર્દીઓ માટે..




કોઈપણ સામાજિક કે શૈક્ષણિક સંસ્થા અથવા જ્ઞાતિ આગેવાનો રક્તદાન કેમ્પ માટે અત્રે સંપર્ક કરી શકે છે.

♥ સ્વસ્થ રહો, સુરક્ષિત રહો, રક્તદાન કરો, જીવન બચાવો. ♥

## રક્તદાન – માનવતાનું મહાન કાર્ય

બ્લડ બેંક, કે.કે.મહેતા સરકારી હોસ્પિટલ-સાવરકુંડલા

તારીખ : 12/06/2026

# સાવરકુંડલા લોહાણા સમાજનું ગૌરવ:

## નવનિયુક્ત DySP શ્રી વિષમયભાઈ માનસેતાની રઘુવંશી અગ્રણીઓએ લીધી શુભેચ્છા મુલાકાત






### સાવરકુંડલા DySP કચેરી ખાતે ચેમ્બર ઓફ કોમર્સ અને લોહાણા સમાજના હોદ્દેદારો દ્વારા શાલ અને ઉપરણો ઓઢાડી ભાવભર્યું સન્માન કરાયું

સાવરકુંડલા લોહાણા સમાજ તેમજ સમગ્ર રઘુવંશી સમાજ માટે ગૌરવ સમાન અને વતનના રત્ન એવા નવનિયુક્ત ડીવાય.એસ.પી. (DySP) શ્રી વિષમયભાઈ માનસેતાની સાવરકુંડલાના રઘુવંશી અગ્રણીઓ દ્વારા એક સૌહાર્દપૂર્ણ શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી અને તેમનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.

સાવરકુંડલાના જાણીતા પી.પી. ચા વાળા શ્રી પરેશભાઈ માનસેતાના સુપુત્ર શ્રી વિષમયભાઈ માનસેતા DySP તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ પ્રથમ વખત સાવરકુંડલા પધારતા સ્થાનિક સમાજમાં ભારે હર્ષની લાગણી વ્યાપી ગઈ છે. આ તકે સાવરકુંડલા સ્થિત ડીવાય.એસ.પી. કચેરી ખાતે રઘુવંશી સમાજના અગ્રણીઓએ તેમની રૂબરૂ મુલાકાત લીધી હતી.આ શુભેચ્છા મુલાકાત દરમિયાન અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી શ્રી રાજુભાઈ શીંગાળા, સાવરકુંડલા લોહાણા સમાજના પ્રમુખ શ્રી જગદીશભાઈ માધવાણી તેમજ મંત્રી શ્રી હાર્દિકભાઈ ખીમાંણી સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. તમામ અગ્રણીઓએ શ્રી વિષમયભાઈ માનસેતાને પુષ્પગુચ્છ અર્પણ કરી, પરંપરાગત રીતે શાલ અને ઉપરણો ઓઢાડીને ભાવભર્યું સન્માન કર્યું હતું અને તેમની આ પ્રેરણાદાયી સફળતા બદલ સમગ્ર સમાજ વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.વતનનો યુવાન જ્યારે આવા ઉચ્ચ અને જવાબદાર પોલીસ હોદ્દા પર પહોંચીને દેશ અને સમાજની સેવા કરી રહ્યો હોય, ત્યારે સમગ્ર સાવરકુંડલા પંથક અને રઘુવંશી સમાજ ગૌરવની લાગણી અનુભવે છે. ઉપસ્થિત તમામ અગ્રણીઓએ શ્રી વિષમયભાઈ આગામી સમયમાં ખૂબ પ્રગતિ કરે અને લોકસેવાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે તેવી ઉજ્જવળ ભવિષ્યની મંગલ કામનાઓ અને શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 12/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# બીજા વર્ષમાં
# મંગલ પ્રવેશ

ગત વર્ષમાં આપ સૌ ગ્રાહકોનો પ્રેમ, વિશ્વાસ અને
સહકારથી અમે આ સ્થાને પહોંચ્યા છીએ...
આવનારા વર્ષોમાં પણ આવો જ સાથ સહકાર અને
આપની લાગણી સાથે અવિરત વહેતા રહીએ તેવી અભ્યર્થના સહ...

# અલમદાર હાર્ડવેર

## પ્લાયવુડ એન્ડ લેમિનેટ્સ

**નિમંત્રક**

નુરૂદીનભાઈ ચૌહાણ - ૯૪૦૯૬ ૭૮૧૫૩
અબ્બાસભાઈ ચૌહાણ - ૯૪૨૬૦ ૫૩૯૫૩
મુર્તુઝા ચૌહાણ

**ફર્મ**

અલમદાર સોડા સેન્ડર
સજજાદભાઈ સોડાવાળા - મો. ૯૭૨૫૩ ૫૨૭૩૩
અલીભાઈ સોડાવાળા - મો. ૯૯૨૪૩ ૨૧૫૧૧

## શુભ સ્થળ

અલમદાર હાર્ડવેર, પીકઅપ બસ સ્ટેન્ડ પાસે,
આરબનો વંડો, અમરેલી રોડ, સાવરકુંડલા

તારીખ : 12/06/2026

# મોટરસાઈકલની નવી સિરીઝ GJ 14 BM 0001-9999 માટે અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા ઈ-ઓકશન પ્રક્રિયા

અમરેલી, તા.૧૨ જુન, ૨૦૨૬ (શુક્રવાર)

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા મોટરસાઈકલની નવી સિરીઝ GJ 14 BM 0001-9999 ઈ-ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ-ઓકશન માટે ઓનલાઈન અરજી તા.૧૫ જુન, ૨૦૨૬ના રોજ સાંજે ૦૪ વાગ્યાથી તા.૧૭ જુન, ૨૦૨૬ના સાંજે ૪ વાગ્યા સુધીમાં થઈ શકશે. બિડિંગ સમયગાળો તા.૧૭ જુન, ૨૦૨૬ સાંજે ૦૪ કલાકથી તા.૧૯ જુન, ૨૦૨૬ સાંજે ૦૪ કલાક સુધી રહેશે. ઈ-ઓકશનનું પરિણામ તા.૧૯ જુન,૨૦૨૬ એ જાહેર થશે. ઓનલાઈન ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી.પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી,ચૂકવણું કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજદારે અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જાય તો મૂળ ભરેલી રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવાની રહેશે. આર.બી.આઈ. દ્વારા નક્કી કરવામાં આવેલા દરે ઓનલાઈન ઈ-ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે. હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન-૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ-મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યું હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવી. ઈ-ઓકશનમાં ભાગ લેવા માટેનો વીડિયો યુ ટ્યુબમાં ઈ-ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાની તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 12/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# Happy Birthday



# નવીનચંદ્ર છોટાલાલ શેઠ

સલાહકાર સમિતિ : શેઠ ધર્મદાસ શાંતિદાસની પેઢી (જૈન દેરાસર, સાવરકુંડલા)
ચેરમેનશ્રી : સાવરકુંડલા ગૌશાળા * ટ્રસ્ટીશ્રી : જૈન વિદ્યાર્થી ગૃહ – સાવરકુંડલા
મો. ૦૯૮૨૦૦ ૪૮૨૩૦

## ને જન્મદિવસની શુભેચ્છાઓ...

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





# માછીમારીમાં 74 દિ'નું વેકેશન પડતા જાફરાબાદમાં કાંઠે લાંગરેલી 200 બોટની મરામતની કામગીરી શરૂ



- ચોમાસાના કારણે **દરિયામાં માછીમારી** પ્રતિબંધિત
- વેકેશનમાં માછીમારો હવે બોટની મરામત અને નવી તૈયારીમાં લાગી ગયા

## જાફરાબાદ, શિયાળબેટ, ચાંચબંદર સહિતના દરિયાઈ ખેડૂતોનો મુખ્ય વ્યવસાય

**700 જેટલી બોટો કિનારે લાંગરેલી**

જાફરાબાદ પંથકમાં મોટી સંખ્યામાં બોટો કિનારે લાંગરેલી.

**એક સાથે 200 બોટની મરામત કામગીરી**

જાફરાબાદના દરિયા કાંઠે 200 બોટની મરામત ચાલી રહી છે.

**રીનોવેશન અને નવી બોટો તૈયાર**

બોટોના રીનોવેશન સાથે નવી બોટો તૈયાર કરવાની કામગીરી પણ ચાલુ.

**જાળનું રિપેરિંગ અવિરત**

15 ઓગસ્ટથી ફિશિંગ પરવાનગી મળતાં જ જાળનું રિપેરિંગ કામ ચાલુ.

### બોટમાં થતાં મુખ્ય રિપેરિંગ કામ

- કોલ્ડ સ્ટોરેજ અને આઈસ બોક્સની મરામત
- ફિશિંગ નેટ (જાળ)નું રીપેરિંગ
- એન્જિન અને મશીનરીની સર્વિસિંગ
- લાકડા અને ફાયબર બોટનું રીનોવેશન
- માછલીઓને સલામત રાખવા માટેની સુવિધાઓમાં સુધારા



**માછીમારો માટે મહત્વનો સમય**

આ વેકેશનમાં માછીમારો લગ્ન, વ્યવહારિક કામો અને બોટની મરામત પૂર્ણ કરે છે.

**લાખો કરોડનું ઈન્વેસ્ટમેન્ટ**

દરેક બોટની કિંમત લાખો રૂપિયા હોય છે, તેની મરામત અત્યંત મહત્વપૂર્ણ છે.

**15 ઓગસ્ટથી શરૂ થશે સીઝન**

સરકાર દ્વારા 15 ઓગસ્ટથી ફિશિંગ માટે પરવાનગી આપવામાં આવે છે.

**માછીમાર સમાજની મહેનતથી દરિયાની સંપત્તિ અને દેશની અર્થવ્યવસ્થા થાય છે મજબૂત**



તારીખ : 12/06/2026

# જળસંચયથી કૃષિ સમૃદ્ધિ તરફ વધુ એક પગલું : ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે ભુખલી સાથળી ચેકડેમ અને કોઝ-વેનું લોકાર્પણ









અમરેલી તા. ૧૧ જૂન, ૨૦૨૬ (ગુરૂવાર) - રાજ્ય સરકારની જળસંચય અને જળસિંચન ક્ષેત્રેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવતા અમરેલી જિલ્લાના કુંકાવાવ-વડિયા તાલુકાના ભુખલી સાથળી ગામે નિર્માણ પામેલા ચેકડેમ અને કોઝવેનું લોકાર્પણ ઊર્જા અને કાયદા વિભાગના રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરવામાં આવ્યું.રૂ. ૪૯.૫૦ લાખના ખર્ચે નિર્માણ પામેલ આ મહત્વાકાંક્ષી જળસંચય કાર્યનું નિર્માણ ટૂંકાગાળામાં પૂર્ણ કરવામાં આવ્યું છે. ૪૪ મીટર લંબાઈ અને ૧.૩૦ મીટર ઊંડાઈ ધરાવતા આ ચેકડેમમાં આશરે ૨.૬૮ કરોડ લીટર પાણીનો સંગ્રહ થઈ શકશે, જે વિસ્તારના ખેડૂતો માટે અમૂલ્ય સંપત્તિ સમાન સાબિત થશે.આ પ્રસંગે રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, ભુખલી સાથળી ખાતે નિર્મિત આ ચેકડેમ માત્ર પાણી સંગ્રહનું માધ્યમ નથી, પરંતુ સમગ્ર વિસ્તારના કૃષિ વિકાસ માટે એક મજબૂત પાયો છે. ચેકડેમ અને નદી ઊંડીકરણના કારણે ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે, આસપાસના કૂવા અને બોરમાં પાણીની ઉપલબ્ધતા વધશે તેમજ આશરે ૮ હેક્ટર વિસ્તારમાં આવેલી ખેતીલાયક જમીનને સીધો લાભ મળશે.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર ખેડૂતોની સમૃદ્ધિ માટે સતત કાર્યરત છે. પાણી, વીજળી, માર્ગ અને સિંચાઈ જેવી મૂળભૂત સુવિધાઓના વિકાસ દ્વારા ગામડાંઓને આત્મનિર્ભર અને સમૃદ્ધ બનાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.આ અંગે ચેકડેમ ખાતે ખેતીલાયક જમીન ધરાવતા વરિષ્ઠ કૃષિકારશ્રી નનાભાઈ આહીરે જણાવ્યું હતું કે, આ ચેકડેમ બનવાથી અને નદી ઉંડી થવાથી પાણીના તળ ઉંચા આવશે. અત્યારે મારી જમીનના એક વીઘાનો ભાવ બમણો થઈ ગયો છે. ખેતી માટે આ પાણી આશિર્વાદ સમાન બનશે.આ ચેકડેમના નિર્માણથી વરસાદી પાણીનો વ્યાપક સંગ્રહ થશે, જમીનમાં પાણીનું રિચાર્જિંગ વધશે, ખેતીમાં ઉત્પાદન ક્ષમતા વધશે અને ખેડૂતોને લાંબા ગાળે સિંચાઈ માટે પૂરતું પાણી ઉપલબ્ધ બનશે. સાથે જ પશુપાલન અને પર્યાવરણ સંરક્ષણને પણ પ્રોત્સાહન મળશે. રાજ્ય સરકાર દ્વારા હાથ ધરાયેલા આવા જળસંચય કાર્યો ગ્રામ વિકાસ અને કૃષિ વિકાસના નવા આયામો સર્જી રહ્યા છે, જે ગ્રામ્ય અર્થતંત્રને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# WONDER MINDS GROUP TUITION CLASSES

Learn, Think, Grow

Curiosity-driven learning, problem-solving and holistic education for English Medium students of Standards 5 to 8. No time limit for learning.

Address: Kalyan Society, Mahuva road, Savarkundla.

Contact : 8347550050

તારીખ : 12/06/2026

# ગ્રામ વિકાસને વધુ વેગ સ્માર્ટ વિલેજ મોટા ઉજળા અને બરવાળા બાવળ ગામે વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત





## ઊર્જા અને કાયદો રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે રૂ. ૨૪ લાખના ખર્ચે આંગણવાડી ભવન સહિતના વિકાસકાર્યોનો પ્રારંભ

અમરેલી, તા.૧૧ જૂન, ૨૦૨૬ (ગુરુવાર) - રાજ્ય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓને વધુ મજબૂત બનાવી ગામડાંઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ દિશામાં અમરેલી જિલ્લાના કુંકાવાવ-વડિયા તાલુકાના મોટા ઉજળા અને બરવાળા બાવળ ગામે વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત કાર્યક્રમો યોજાયા હતા.ઊર્જા અને કાયદા વિભાગના રાજ્યમંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે સ્માર્ટ વિલેજ મોટા ઉજળા ગામે રૂ. ૨૪ લાખના ખર્ચે નિર્માણ પામનાર નવા આંગણવાડી ભવનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ નવી આંગણવાડીના નિર્માણથી ગામના બાળકોને વધુ સારી શૈક્ષણિક અને પોષણલક્ષી સુવિધાઓ ઉપલબ્ધ બનશે તેમજ માતા અને બાળ કલ્યાણની સેવાઓ વધુ અસરકારક રીતે પહોંચાડી શકાશે.આ ઉપરાંત બરવાળા બાવળ ગામે પીવાના પાણીની સુવિધાને મજબૂત બનાવવા માટે 03 નવા બોરવેલ તેમજ બ્લોક રોડ સહિતના વિવિધ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યા હતા. આ કામગીરી પૂર્ણ થયા બાદ ગ્રામજનોને પીવાના પાણીની સુવિધામાં રાહત મળશે તેમજ આંતરિક માર્ગ વ્યવસ્થા વધુ સુદ્રઢ બનશે.રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવતા આવા વિકાસલક્ષી કાર્યો ગ્રામ્ય વિસ્તારોને વધુ સુવિધાસભર, આત્મનિર્ભર અને સમૃદ્ધ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. આ પ્રસંગે વડિયા-કુંકાવાવ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી યોગેશભાઈ પાનસુરીયા, તાલુકા પંચાયતના સભ્યશ્રી મનોજભાઈ હપાણી, શ્રી અશોકભાઈ વાજા,શ્રી રમણિકભાઈ પટોળીયા, અગ્રણીશ્રી પી.વી. વસાણી, શ્રી, મનસુખભાઈ બરવાળીયા, ભાયાવદર સરપંચશ્રી સુરેશભાઈ કાછડીયા, મોટા ઉજળાના સરપંચશ્રી વિપૂલભાઈ ખીમાણી, ગ્રામ પંચાયતના સભ્યો, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તારીખ : 12/06/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



શ્રી વિધાગુરુ ફાઉન્ડેશન - સંચાલિત

## શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર

(100% નિ:શુલ્ક હોસ્પિટલ)

ખાદી કાર્યાલય કેમ્પસ, રેલવે સ્ટેશન સામે, સાવરકુંડલા જિ. અમરેલી - ગુજરાત

# એક્યુપ્રેશર સારવાર પદ્ધતિ શિબિર (નિ:શુલ્ક)

**દવા વિના દર્દ મુક્તિ તરફ એક કદમ...**

આ શિબિરમાં શરીરમાં ઉર્જા સંતુલન કરવા તથા વિવિધ રોગોના સરળ ઉપચાર અનેનિરોગી રહેવા માટે એક્યુપ્રેશર સારવાર પદ્ધતિના પોઈન્ટ શીખવવામાં આવશે.

મુંબઈ ના સુપ્રસિદ્ધ ગુરુજી શ્રી નવનીતભાઈ શાહ અને તેમની અનુભવી ટીમ દ્વારા એક્યુપ્રેશર સારવાર પદ્ધતિ કરવામાં આવશે.

એક્યુપ્રેશર સારવાર દ્વારા ગરદન, ખભા, પીઠના દર્દો, સંધિવા કે સાંધાના દર્દ, જૂની શરદી, સાયનસ, માથાનો દુખાવો, બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, સાંધાની ઝકડ, પાંડુરોગ, ગેસ તથા પેટના રોગો ઝાડા, કબજીયાત, પગ અને ગોઠણનો દુખાવો, કંપવા, અનિદ્રા, ચક્કર આવવા, ઉલટી થવી વગેરે રોગોની સારવાર કરવામાં આવશે.

કેમ્પ તારીખ : 11/06/2026 થી તા. 16/06/2026

સારવાર સમય : સવારે 09:00 થી 12:00

સારવાર પદ્ધતિ શીખવવા માટેનો સમય બપોરે : 03:00 થી 06:00

**સ્થળ : હોલિસ્ટિક હેલ્થકેર સેન્ટર, ઘેલાણી નિવાસ, સંધિ ચોક, સાવરકુંડલા**

**વધુ માહિતી માટે 81411 75281 પર સંપર્ક કરવો.**

તારીખ : 12/06/2026

# સાવરકુંડલાની સરકારી હોસ્પિટલમાં રક્તદાન કેમ્પ યોજાશે




વિશ્વ રક્તદાતા દિવસ 2026 ના ઉપલક્ષ્ય માં સાવરકુંડલાની સરકારી હોસ્પિટલમાં રક્તદાન કેમ્પ યોજાશે 13 જુન 2026 શનિવારના રોજ ઓ.પી.ડી. વિભાગ પહેલો માળ કે. કે. મહેતા સરકારી હોસ્પિટલ સાવરકુંડલા ખાતે સવારે 9:00 થી 11:00 રક્તદાન કેમ્પ યોજાશે. સાવરકુંડલાનું લોહી સાવરકુંડલાના જરૂરિયાતમંદ દર્દીઓ માટે આ કેમ્પ યોજાશે કોઈ પણ સામાજિક કે શૈક્ષણિક સંસ્થા અથવા જ્ઞાતિ આગેવાનો રક્તદાન કેમ્પ માટે સંપર્ક કરવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# એડમિશન શરૂ છે...

## ભુલકાઓની મનોરંજન નગરી
## પ્રિયાંશી પ્લે હાઉસ

જુ.કે.જી., સિ.કે.જી.,
ધો. ૧ થી ૮ સુધી
જુન-૨૦૨૬ થી શરૂ કરવા
જઈ રહ્યા છીએ.





અંગ્રેજી માધ્યમમાં
L.K.G., U.K.G તમામ વિભાગમાં
મર્યાદિત સંખ્યા લેવાની
હોવાથી આજે જ એડમિશન માટે પધારો...

# પ્રિયાંશી સ્કૂલ

## આર.કે. પ્રાથમિક શાળા

## આર.કે. પ્રિ-પ્રાયમરી ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ

નિલેષનગર, જેસરરોડ, સાવરકુંડલા.

મો. 94285 85885/97147 51168

કે.ડી. NEWS
તારીખ : 12/06/2026

# સાવરકુંડલા તાલુકાના મોટા ભમોદ્રામાં મહા આરતી યોજાઈ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને વડાપ્રધાન તરીકેના કાર્યકાળના 12 વર્ષ પૂર્ણ થતા સાવરકુંડલા તાલુકાના મોટા ભમોદ્રા ગામે ભારતીય જનતા પાર્ટી દ્વારા મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાઆરતી માં મોટી સંખ્યામાં ગ્રામજનો, કાર્યકર્તાઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને દેવોના દેવ મહાદેવને વંદન કરી ધન્યતા અનુભવી હતી. આ મહા આરતી દરમિયાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વ હેઠળ છેલ્લા 12 વર્ષમાં થયેલા વિકાસ કાર્યો જન કલ્યાણકારી યોજનાઓ અને સુશાસનની સિદ્ધિઓ યાદ કરવામાં આવી હતી અને બધાની સુખાકારી માટે પ્રાર્થના કરવામાં આવી હતી આ મહાઆરતીમાં સાવરકુંડલા તાલુકા ભાજપ પ્રમુખ, જિલ્લા તથા તાલુકા પંચાયતના સદસ્યો, સ્થાનિક આગેવાનો, ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 12/06/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

* મોકાની દુકાન વેચવાની છે...
શ્રી કૃષ્ણ મેડીકલ આઝાદ ચોક,
ડબલ શટરવાળી (કોર્નર)

* પ્લોટ વેચવાના છે.
નેસડી રોડ ગેઈટ આગળ, કોર્નર,
૨૫૦ વાર,
બાપા સીતારામ ટેલરની પાછળ

* મોકાનો પ્લોટ વેચવાનો છે.
અમરેલી રોડ ટચ
(ગેઈટ પાસે), ૨૧૮૬ વાર


* મોકાની દુકાન, મામલતદાર
ઓફીસ સામે વેચવાની છે.
સાઈઝ : ૮x૧૭

: સંપર્ક :

હિતેષ સરૈયા
મો. 99982 52672

આનંદ વણજારા
મો. 94290 74033

# ગોપીનાથ કવિરાજની આજે પુણ્યતિથિ



ગોપીનાથ કવિરાજ (૭ સપ્ટેમ્બર ૧૮૮૭ - ૧૨ જૂન ૧૯૭૬) એક ભારતીય સંસ્કૃત વિદ્વાન, ભારતશાસ્ત્રી અને દાર્શનિક હતા. સૌપ્રથમ ૧૯૧૪માં ગ્રંથપાલ તરીકે નિયુક્ત થયા, તેઓ ૧૯૨૩ થી ૧૯૩૭ સુધી વારાણસીની સરકારી સંસ્કૃત કોલેજના આચાર્ય હતા . તે સમયગાળા દરમિયાન તેઓ સરસ્વતી ભાવના ગ્રંથમાલા (સરસ્વતી ભાવના ગ્રંથો) ના સંપાદક પણ હતા .૧૯૬૪માં તેમને ભારતની રાષ્ટ્રીય પત્ર એકેડેમી, સાહિત્ય અકાદમી દ્વારા તંત્ર પરના તેમના સંશોધન ગ્રંથ , તાંત્રિક વાંગમય મેન શક્તિદ્રષ્ટિ માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો . તે જ વર્ષે તેમને ભારત સરકાર દ્વારા આપવામાં આવતા બીજા સર્વોચ્ચ નાગરિક સન્માન, પદ્મ વિભૂષણથી નવાજવામાં આવ્યા. ૧૯૭૧માં તેમને સાહિત્ય અકાદમી ફેલોશિપથી નવાજવામાં આવ્યા , જે ભારતની રાષ્ટ્રીય પત્ર એકેડેમી, સાહિત્ય અકાદમી દ્વારા આપવામાં આવતો સર્વોચ્ચ સાહિત્યિક સન્માન છે.

તારીખ : 12/06/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



KID NEWS

# મહિલાઓને હોમમેકર નહીં પણ નેશન બિલ્ડર કહો- સુપ્રીમ કોર્ટ



## તેઓ પરિવારનો પાયો મજબૂત કરે છે, તેમના કામની કિંમત દર મહિને ₹30,000 જેટલી



સુપ્રીમ કોર્ટ ગુરુવારે કહ્યું કે પરિવારમાં એક મહિલાના યોગદાનને કારણે તેમના માટે હોમમેકર (ઘર સંભાળનાર) ને બદલે રાષ્ટ્ર નિર્માતા (નેશન બિલ્ડર) શબ્દનો ઉપયોગ થવો જોઈએ.

બેન્ચે પત્નીના મૃત્યુ પછી તેના પતિને વધારાનું વળતર આપવાનો આદેશ આપતા આ ટિપ્પણી કરી.

### સુપ્રીમ કોર્ટનું મહત્વપૂર્ણ નિવેદન

- એક ગૃહિણીનું કામ ફક્ત રસોઈ બનાવવી, બાળકોની સંભાળ રાખવી અને ઘર સંભાળવું એટલું જ નથી.
- તે પરિવારના પાયાને મજબૂત બનાવે છે, આગામી પેઢી તૈયાર કરે છે.
- સમાજના વિકાસમાં પરોક્ષ પરંતુ અંત્યંત મહત્વપૂર્ણ યોગદાન આપે છે.
- કોર્ટ કહ્યું કે એક ગૃહિણીના ઘરના કામની વેલ્યુ કાઢવામાં આવે તો તેની અંદાજિત આવક 30 હજાર રૂપિયા પ્રતિમાસ થાય છે.
- તેથી વળતર નક્કી કરતી વખતે તેમના યોગદાનને ફક્ત સાંકેતિક કે ઓછું આંકી શકાઈ નહીં.



## રાષ્ટ્ર નિર્માત્રી

મહિલાઓને હોમમેકર નહીં પણ નેશન બિલ્ડર તરીકે ઓળખ આપો

### આ ટિપ્પણી અને નિર્ણયના અર્થ શું છે...

- સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે જો કોઈ માર્ગ અકસ્માતમાં ગૃહિણી ઘાયલ થાય છે અથવા તેનું મૃત્યુ થાય છે, તો પરિવારને ફક્ત તેની આવક ન હોવાના આધારે ઓછું વળતર આપી શકાય નહીં.
- એટલે કે, સુપ્રીમ કોર્ટ મોટર વાહન અધિનિયમ (એમવી એક્ટ) હેઠળના દાવાઓમાં પત્નીની ઘરેલું સંભાળનું નુકસાનને વળતરના એક અલગ મુદ્દા તરીકે માન્યતા આપી છે.
- બેન્ચે વળતર નક્કી કરવા માટે કેટલાક દિશાનિર્દેશો પણ જાહેર કર્યા.
- અદાલતે કહ્યું કે ગૃહિણીઓની આવકનું આકલન કરતી વખતે તેમની ઉંમર, શિક્ષણ, કૌશલ્ય, પરિવારિક જવાબદારીઓ અને આર્થિક સ્થિતિને પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

### પંજાબ-હરિયાણા હાઈકોર્ટના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો

- સુપ્રીમ કોર્ટ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ દ્વારા 2024માં આપવામાં આવેલા એક નિર્ણયને પડકારતી અરજી પર ચૂકાદો આપ્યો.
- આ મામલો 2001માં બે જીપ વચ્ચે થયેલા માર્ગ અકસ્માત સાથે સંકળાયેલો હતો.
- હાઈકોર્ટ પીડિતના પરિવાર, જેમાં તેના પતિ અને ત્રણ બાળકોનો સમાવેશ થતો હતો, તેમને 8 લાખ રૂપિયાથી વધુનું વળતર આપવાનો આદેશ આપ્યો હતો.

**મહિલાઓના યોગદાનને સત્માન, સમાજ અને રાષ્ટ્રનું નિર્માણ મહાન**

કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

# આજે વિશ્વ બાળમજૂરી વિરોધી દિવસ




વર્ષે ૧૨ જૂન ના રોજ વિશ્વ બાળમજૂરી વિરોધી દિવસ (World Day Against Child Labour) મનાવવામાં આવે છે.આ દિવસનો મુખ્ય હેતુ બાળમજૂરીની વૈશ્વિક સમસ્યા તરફ ધ્યાન કેન્દ્રિત કરવાનો અને બાળકોને મજૂરીમાંથી મુક્ત કરાવી શિક્ષણ અને તેમના મૂળભૂત અધિકારો અપાવવાનો છે.મહત્વપૂર્ણ માહિતી અને ઉદ્દેશ્યો:શરૂઆતની વાત કરવામાં આવે તો આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) દ્વારા વર્ષ 2002માં આ દિવસની શરૂઆત કરવામાં આવી હતી. બાળકોને શારીરિક, માનસિક અને નૈતિક રીતે નુકસાન પહોંચાડતા કામોમાંથી બચાવવા અને તેમને બાળપણનો હક અપાવવો અને સમાજમાં બાળમજૂરી નાબૂદી અંગે જાગૃતિ ફેલાવવી અને લોકોને આગળ આવવા પ્રેરિત કરવા એમનો મુખ્ય લક્ષ્ય છે.

પ્રકાશ પ્રિન્ટર્સ

પ્રચાર નહીં તો વ્યાપાર નહીં...

# તમારા બિઝનેસ લોગો અને ડિટેલ સાથે પોસ્ટર મેળવો

## માત્ર 249 1 વર્ષ

7 આકર્ષક ડીફોલ્ટ ફ્રેમ + 1 કસ્ટમ ફ્રેમ
(આપની ચોઈસની)

વોટ્સેપ + ફેઇસબુક + ઇન્સ્ટાગ્રામ + સ્ટેટસ માટે

**સાથે મેળવો**

અમરેલી જિલ્લાની વોટ્સેપ તેમજ કોલીંગ ડીરેક્ટરી
અને આપનું પ્રિય પ્રકાશ મેળવો ....

દર મહિને ડ્રો કરી બે વિજેતાઓને (મેમ્બર્શીપ લીધેલ)
આકર્ષક ભેટ આપવામાં આવશે.

તો આજેજ ડાઉલોડ કરો આપનાં એન્ડ્રોઇડ
મોબાઈલનાં પ્લેસ્ટોરમાં જઈને

# PRAKASH PRINTERS

વધારે માહીતી માટે સંપર્ક - મો. 9409545745

કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

# સાવરકુંડલામાં સેવાનો સૂર્યોદય: 'મમતા ઘર' દ્વારા ૧૦૦થી વધુ બાળકોના જીવનમાં શિક્ષણનો ઉજાસ




સાવરકુંડલાના અંબિકા સોસાયટી વિસ્તારમાં કાર્યરત 'મમતા ઘર' સંસ્થા દ્વારા આજે એક અત્યંત પ્રેરણાદાયી અને ભવ્ય વાર્ષિકોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા બે વર્ષથી શિક્ષણ અને સેવાના માધ્યમથી સમાજમાં નવો ચીલો ચાતરતી આ સંસ્થાએ ફરી એકવાર જરૂરિયાતમંદ બાળકોના જીવનમાં આશાનું કિરણ જગાવ્યું છે.'મમતા ઘર' સંસ્થા અમરેલી જિલ્લાના છેવાડાના વિસ્તારોના આર્થિક રીતે નબળા અને શિક્ષણથી વંચિત રહેતા ૧૦૦થી વધુ બાળકોને દત્તક લઈને તેમને વિનામૂલ્યે શિક્ષણ, પૌષ્ટિક ભોજન અને આશ્રય પૂરું પાડી રહી છે. આ ઉપરાંત, સદગુરુ સેવા ટ્રસ્ટના ઉપક્રમે ૨૪૫ જેટલા બાળકોને દરરોજ સાંજે ૫:૦૦ કલાકે વિનામૂલ્યે ટ્યુશન ક્લાસીસ ચલાવવામાં આવે છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય બાળકોને શિક્ષણની સાથે સાચા સંસ્કારોનું ભાથું પીરસવાનો છે.વાર્ષિકોત્સવના ભાગરૂપે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં બાળકોએ પોતાની કલાનું પ્રદર્શન કરીને સૌને મંત્રમુગ્ધ કર્યાં હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે બાળકોને પ્રોત્સાહિત કરવા માટે શૈક્ષણિક કિટ, નોટબુક, સ્કૂલ બેગ, શીલ્ડ અને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોના નિર્દોષ ચહેરા પરની ખુશી અને સ્મિત આ સેવાકાર્યની સફળતાની સાક્ષી પૂરી રહ્યા હતા.આ કાર્યક્રમમાં અનેક સંતો-મહંતો, સામાજિક આગેવાનો અને પત્રકાર મિત્રોની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. તમામ મહાનુભાવોએ સંસ્થાના આ સેવાકાર્યની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.સમગ્ર અમરેલી જિલ્લામાં 'મમતા ઘર' દ્વારા કરવામાં આવતી આ



## શિક્ષણ અને સંસ્કારનો મહાયજ્ઞ: 'મમતા ઘર' ના વાર્ષિકોત્સવમાં બાળકોનું થયું સન્માન

નિઃસ્વાર્થ સેવાઓ લોકચાહનાનું કેન્દ્ર બની છે. સાવરકુંડલા સદગુરુ સેવા ટ્રસ્ટ અને મંજુલાબેન દુધરેજીયાના સક્ષમ માર્ગદર્શન હેઠળ આ સંસ્થા શિક્ષણ અને સેવાનો અવિરત યજ્ઞ ચલાવી રહી છે, જેના પરિણામે આજે અનેક બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બની રહ્યું છે.

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

# બગસરા તાલુકાના પીઠડીયા ગામે પ્રાથમિક શાળામાં પૂર સંરક્ષણ દીવાલના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો




અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના પીઠડીયા ગામે અંદાજે ₹30 લાખના ખર્ચે પ્રાથમિક શાળામાં પૂર સંરક્ષણ દીવાલના ખાતમુહૂર્તનો કાર્યક્રમ ધારી બગસરા ખાંભાના ધારાસભ્ય શ્રી જે.વી. કાકડિયાના વરદ હસ્તે સંપન્ન થયો હતો.આ પ્રસંગે ગામના સરપંચશ્રી, મહામંત્રી દેવરાજભાઈ રાંક, બાળાપુરના સરપંચશ્રી તેમજ ભીમજીભાઈ બોઘરા, ગોવિંદભાઈ હીરાણી, વિઠ્ઠલભાઈ પીપળીયા, જયસુખભાઈ પીપળીયા, તાલુકા પંચાયતના સભ્યો, વિવિધ ગામોના સરપંચશ્રીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.





કે.ડી. NEWS
તારીખ : 12/06/2026

# અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા બાબરા તાલુકામાં ફેટ બચાવો અંતર્ગત તાલીમ યોજાઈ




અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા. 8 જુન 2026 સોમવારના રોજ બાબરા તાલુકાના જામબરવાળા તથા નીલવડા ગામે કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મીનાક્ષી કે.બારીયાના માર્ગદર્શન હેઠળ ખેત બચાવો અભિયાન અંતર્ગત તાલીમનું આયોજન કરાયું હતું.જેમાં મોટી સંખ્યામાં ખેડુતભાઈઓ તથા બહેનોને ભાગ લીધો હતો.આ તાલીમનીશરૂઆતમાં વિષય નિષ્ણાંત ડો. નેહા તિવારી દ્વારા પાકની જરૂરીયાત, જમીનની ફળદ્રુપતા અને હવામાનની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને યોગ્ય માત્રામાં,યોગ્ય સમયે અને યોગ્ય પધ્ધતિથી ખાતરનો સંતુલિત ઉપયોગ કરવો જરૂરી છે.જેથી ખેડુતોમાં ખેતીખર્ચમાં પણ ઘટાડો થઈ શકે. એ વિશે ખેડુતોને માહિતગાર કર્યા હતા.વિષય નિષ્ણાંત



ડો. શ્વેતાબેન પટેલ દ્વારા જમીન અને પાણીના પૃથ્થકરણ વિશે તથા સંતુલિત ખાતર ઉપયોગના ફાયદાઓ જેવા કે પાકનું ઉત્પાદન તથા ગુણવતામાં વધારો થાય છે. તે અંગે તથા મગફળી અને કપાસના પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ તથા પોષણ વ્યવસ્થાપન વિશે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું.

કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

# અધિક માસ નિમિત્તે બાબરાના પંચકુંડમાં મટુકી ઉત્સવ ઉજવાયો



અમરેલી જિલ્લાના બાબરા નજીક આવેલા પવિત્ર પંચકુંડ ખાતે શ્રી નીલકંઠ મહાદેવના સાનિધ્યમાં ચાલી રહેલા અધિક્માસ મહોત્સવ અંતર્ગત 11 જૂન 2026 ગુરુવારના રોજ એકાદશીના પાવન દિવસે ભક્તિભાવ સાથે મટુકી ઉત્સવ ઉજવાયો હતો. બાબરાના પંચકુંડ ખાતે આ ઉત્સવ દરમિયાન નાની બાળાઓએ શ્રીકૃષ્ણ અને રાધાજીના વેશમાં મનોહર રજૂઆત કરી સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. અધિકમાસનિમિત્તે પંચકુંડ ખાતે રોજ યોજાતા ધાર્મિક કાર્યક્રમોમાં શ્રદ્ધાળુઓ ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યા છે. અને રાસ ગરબા સાથે આંબુડુ જાંબુડુ ભજન પણ ગવાતું હતું અને સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું છે. હાલ સતત એક મહિનાથી મહિલાઓ અહીં આરતી, પૂજા, અર્ચના અને ભજન કીર્તન સાથે પુરુષોત્તમ ભગવાનની ભક્તિ કરી રહી છે. જે દરમિયાન અહીં મટૂકી ઉત્સવ સાથે બાળ કૃષ્ણની ભક્તિ કરી હતી. ભગવાન શ્રીકૃષ્ણના આર્શીવાદ પ્રાપ્ત કરી દર્શન કરી ગોપીઓએ તથા ઉપસ્થિત સૌ માતાઓ બહેનોએ ધન્યતા અનુભવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
## ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

# અઢળક કેકની વેરાયટીઓ



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

તારીખ : 12/06/2026

# બાબરામાં વોર્ડ નંબર 3માં પાણી, લાઈટ, ગટર અને સફાઈના પ્રશ્નોનો ઝડપી ઉકેલ



અમરેલી જિલ્લાના બાબરા નગરપાલિકાના વોર્ડ નં. 3ના સભ્યો જયરાજભાઈ બસિયા, દેવશીભાઈ મારુ અને મહેશભાઈ પીપળવા સતત ગ્રાઉન્ડ પર રહી પ્રજાકીય પ્રશ્નોના ઝડપી નિરાકરણમાં સક્રિય બન્યા છે. સ્ટ્રીટ લાઈટ, પીવાના પાણી, ગટર અને સફાઈ સહિતની સુવિધાઓમાં સુધારો થતાં સ્થાનિકોમાં સંતોષની લાગણી જોવા મળી રહી છે.

કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

# ૧૨ વર્ષ વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણના" : અમરેલી જિલ્લામાં ૧૬ જૂનથી જનકલ્યાણ શિબિરોનો પ્રારંભ થશે; નાગરિકોને ઘરઆંગણે મળશે સરકારી યોજનાઓનો લાભ

અમરેલી તા. ૧૨ જુન,૨૦૨૬ (શુક્રવાર) - કેન્દ્ર સરકારના "૧૨ વર્ષ વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણના" ઉજવણીના ભાગરૂપે અમરેલી જિલ્લામાં આગામી તા. ૧૬ જૂનથી જનકલ્યાણ શિબિરોનો પ્રારંભ થશે. આ વિશેષ શિબિરોનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને વહીવટી તંત્રના માધ્યમથી પોતાના ઘરઆંગણે જ વિવિધ સરકારી કલ્યાણકારી યોજનાઓનો સીધો લાભ પહોંચાડવાનો છે. જિલ્લાની વિવિધ નગરપાલિકાઓ ખાતે નિયત તારીખો અને સમયે આ જનકલ્યાણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાની વિવિધ નગરપાલિકાઓ ખાતે યોજાનાર શિબિરોનું સમયપત્રક મુજબ યોજાશે.

દામનગર નગરપાલિકા: તા. ૧૫-૦૬-૨૦૨૬ના રોજ સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી.

જાફરાબાદ નગરપાલિકા: તા. ૧૬-૦૬-૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી.

ચલાલા નગરપાલિકા: તા. ૧૬-૦૬-૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી.

રાજુલા નગરપાલિકા: તા. ૧૬-૦૬-૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી.

બગસરા નગરપાલિકા: તા. ૧૬-૦૬-૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી.

સાવરકુંડલા નગરપાલિકા: તા. ૧૬-૦૬-૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી.

લાઠી નગરપાલિકા: તા. ૧૭-૦૬-૨૦૨૬ના રોજ સવારે ૦૯:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી.

બાબરા નગરપાલિકા: તા. ૧૮-૦૬-૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૧:૩૦ વાગ્યા સુધી.

ધારી નગરપાલિકા: તા. ૧૯-૦૬-૨૦૨૬ના રોજ સવારે ૧૧:૩૦ થી બપોરે ૦૧:૦૦ વાગ્યા સુધી જનકલ્યાણ શિબિરોનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે.

અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ સંબંધિત વિસ્તારના નાગરિકોને આ જનકલ્યાણ શિબિરોનો બહોળી સંખ્યામાં લાભ લેવા અને સરકારી યોજનાઓની પ્રક્રિયાઓ ઘરઆંગણે સરળતાથી પૂર્ણ કરવા અનુરોધ છે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## ઉવાઁ મંગળુભાઈ ધાખડા

HAPPY BIRTHDAY


કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
શ્રી ગોકુલ જવેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :



કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ગુરૂદેવ કહે છે...

"પર્વતના શિખરની ઊંચાઈ તમારી દૃષ્ટિને જેટલી વ્યાપક બનાવી દે છે, પર્વતની બાજુમાં રહેલ ખાઈ તમારી દૃષ્ટિને એટલી જ સંકુચિત બનાવી દે છે. ગુણગ્રાહક દૃષ્ટિ એ પર્વતના શિખરની ઊંચાઈ છે જ્યારે દોષશોધક દૃષ્ટિ એ પર્વતની બાજુમાં રહેલ ખાઈ છે."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**

Gurutattva

**3421**
**12/06/2026**
**Friday**

## आत्मा

"गृहस्थी" आध्यात्मीक प्रगती मे बाधा कभी नही होती यह मेरा निजी अनुभव है, बल्की सहायक ही होती है।

बाबास्वामी
12/6/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram : t.me/ShreeShivkrupanandSwami** **Whatsapp : Shivkrupanand Swami**

તારીખ : 12/06/2026

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**ગળામાં** જાડો સોનાનો ચેઈન જોઈને શર્ટ બનાવવા વાળા ભાઈએ પૂછ્યું શર્ટના ઉપરના બે બટન રાખવા છે કે ચાલશે ???....

**અમીર** અમીર વિશે વાતો થાતી હતી એ દરમિયાન એક વડીલે એક હાસ્ય સાથે માર્મિક વાત કહી શ્રીમંતમાં શ્રીમંત માણસને પણ માથામાં તેલને બદલે ઘી નાખવાનો કોઈ અધિકાર નથી...!

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 12/06/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 12 જુન
# મહત્વની ઘટનાઓ

૧૯૬૪ – નેલ્સન મંડેલાને આજીવન કેદની સજા ફટકારવામાં આવી.
૨૦૦૯ – અમેરિકામાં તમામ ટેલિવિઝન પ્રસારણ 'ઍનેલોગ' માંથી 'ડિજીટલ' કરાયા.

**જન્મ**

૧૯૨૯ – ઍન્ની ફ્રૅન્ક, ધ ડાયરી ઓવ્ અ યંગ ગર્લ ના નામે પ્રકાશિત જગવિખ્યાત ડાયરીના લેખિકા (અ. ૧૯૪૫)
૧૯૫૭ – જાવેદ મિયાંદાદ, પાકિસ્તાની ક્રિકેટર
૧૯૮૨ – શૈલજા પૂજારી, ભારતીય વેઈટલિફ્ટર

**અવસાન**

૧૯૭૨ – દિનાનાથ ગોપાલ તેંડુલકર, ભારતીય લેખક અને દસ્તાવેજી ફિલ્મ નિર્માતા (જ. ૧૯૦૯)
૧૯૭૬ – ગોપીનાથ કવિરાજ, ભારતીય ફિલસૂફ અને વિદ્વાન (જ. ૧૮૮૭)
૧૯૯૧ – જયમલ્લ પરમાર, ગુજરાતી નવલકથાકાર, નાટ્યલેખક, બાળસાહિત્યકાર (જ. ૧૯૧૦)
૧૯૯૯ – નાનાભાઈ ભટ્ટ, ગુજરાતી અને હિંદી ચલચિત્ર દિગ્દર્શક અને નિર્માતા (જ. ૧૯૧૫)
૨૦૦૦ – પુ.લ.દેશપાંડે, મરાઠી લેખક (જ. ૧૯૧૯)
૨૦૧૫ – નેકચંદ સૈની, ચંદીગઢનું પ્રખ્યાત શિલ્પઉદ્યાન રોકગાર્ડન તૈયાર કરનાર (જ. ૧૯૨૪)

**તહેવારો અને ઉજવણીઓ**

વિશ્વ બાળમજૂરી વિરોધ દિન
હેલસિંકી દિવસ

તારીખ : 12/06/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 12/06/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

## કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

# 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 12/06/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




71K

51K

29K

100K

સંપર્ક : મો. 94997 97973